# આદિ જાતિની લોકપરંપરા

પ્રા. સમ્યક રમેશચંદ્ર પારેખ
-એમ.એ. પરીખ ફાઈન આર્ટસ એન્ડ આર્ટસ કોલેજ,પાલનપુર.

લોક પરંપરા એટલે લોકજીભે રમતી અને લોક કંઠે જીવતી પરંપરા.કોણ જાણે ક્યારે આવી પરંપરાઓ શરુ થઇ હશે ? પણ જમાને જમાને બદલાતી ભાષામાં લોક જીભે એવું રૂપાંતર થતું આવતું હોઈ અત્યારે બોલાતી ભાષામાં એ પરંપરાઓ જોવા મળે છે.અલબત્ત ,લોક પરંપરા એ લોકકંઠ ની હલક દ્વારા – નહિ કે પોથીઓમાં જીવતી હોઈ ,સ્થળ-સમય ની જુદી જુદી પરંપરાઓ જોવા મળે છે.

લોક પરંપરાઓના રચનારાઓ અનામી છે.કેટલીક જાતીઓનું લોક સાહિત્ય લિપિબદ્ધ થયું હોતું નથી.તેમાં વિશેષ કરીને આદિજાતિઓ આવી જાય છે.જંગલોમાં વસતી આ આદીજાતિઓમાં કોઈને પણ કોઈપણ જાતની લિપીનો પરિચય સુદ્ધાં હોતો નથી.ભણેલા લોકોમાં સાહિત્ય કૃતિઓ રચાઈ-સચવાઈ તેના રચનારાઓના નામ પણ સચવાયા છે.પરંતુ અનાભ્યાસ અને લીપીની અપરિચિતતા આવી જાતિઓની લોક પરંપરાઓને જાળવી કે બહાર લાવી શકતી નથી.લોકોના કંઠમાં જીવતા લોકગીતો-પરંપરાઓને લિપિબદ્ધ કરવાના પ્રયત્નો જુના કાળના આપણા પુરાણો,બૃહત્કથાઓ વગેરેમાં મોટા પાયા પર થયેલા જોવા મળે છે.માણસની  પુરાણકલ્પનશક્તિ જીવન રહસ્યને પામવાની એક અનોખી શક્તિ છે.સમય જતા મુદ્રણ યંત્રનો પ્રચાર વધ્યા પછી લોક પરંપરાઓમાં લોકોમાં પ્રિય થયેલા ગીતો,ગીતકથાઓ,નૃત્યો વગેરે ગ્રંથસ્થ થવાની પ્રવુત્તિ વધારે સરળ બનવા લાગી છે.

ભારત દેશના આદિવાસી વસતી ધરાવતા રાજ્યોમાં ગુજરાત પાંચમા ક્રમાંકે આવે છે. ગુજરાતમાં ૨૯ જેટલી આદિજાતિઓ જોવા મળે છે. આદિજાતિઓ માં ખાસ કરીને ભીલ,કુનબી અને વરાલી – આ ત્રણ મુખ્ય જાતિ પ્રવાહો વધારે પ્રબળ છે.

"ગુજરાત રાજ્યમાં ઉત્તરે છેક અંબાજીથી માંડીને દક્ષિણે ડાંગ સુધીનો અરવલ્લી,વિન્ધ્યાચળ અને સાતપુડાની પર્વતમાળા અને જંગલો ,સરહદી વિસ્તારોમાં અનુક્રમે ઉત્તરે અરવલ્લીની હારમાળાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓના સરહદી વિસ્તાર, મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને નર્મદા જીલ્લાઓમાં, દક્ષિણે સાતપુડાના ડુંગરોવાલા સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જીલ્લાના પહાડો તથા જંગલવાળા વિસ્તારોમાં આદિજાતિઓ વસે છે.જે તેઓનું મુખ્ય નિવાસ સ્થાન છે અને આ વિસ્તારોને આદિવાસી વિસ્તાર તરીકે સમાવેશ થાય છે.[૧]

## ૧. આદિજાતિની સંસ્કૃતિ

શહેરો થી દૂર જંગલમાં વસવાટ કરનારી આ પ્રજાની સંસ્કૃતિ સાવ નિરાળી છે. તેમનું સામાજિક,આર્થિક કે સાંસ્કૃતિક ઘડતર શહેરી જીવન કરતા તદ્દન જુદું છે."[૨] તેમની રહેણી કરણી,પોષક,ખોરાક વગેરે શહેરી જીવન કરતા તદ્દન અલગ છે.પણ એનો અર્થ એ નથી કે તેઓ જંગલી છે કે તેમનું જીવન નિરસ અથવા અર્થહીન છે.તેમની પણ આગવી સંસ્કૃતિ છે.તેમનો પણ એક સમાજ છે.તેમનાં પણ રીતરિવાજો,રસમો,ધાર્મિક માન્યતાઓ,અંધશ્રધ્ધાઓ અને અનેક પરંપરાઓ છે.જેમાં તેમનું જીવન રસપૂર્વક ગુંથાયેલું જોવા મળે છે.તેમની સંસ્કૃતિનો મહામુલો વારસો તેમના મેળા અને ઉત્સવો-પર્વોમાં જોવા મળે છે.ધરતીની અત્યંત નજીક જીવનારી આ પ્રજામાં ધરતીનો ધબકાર છે. જે ધબકાર તેમનાં વાજિંત્રોમાં સંભળાય છે અને તેમના નૃત્યોમાં દેખાય છે.

## ૨. આદિજાતિના મેળા

આદિવાસીઓ માટે મેળાઓ એ આનંદ મેળવવાનું અને ધાર્મિક અને સામાજિક રીતરસમો પૂરી કરવાનું એકમાત્ર સાધન છે.તેમને માટે ઉત્સવ એટલે મેળો. એકબીજાનું મિલન સ્થળ એટલે મેળો. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવાનું સ્થળ એટલે

મેળો.વેરની વસુલાતનું સ્થળ પણ મેળો અને પોતાની અંદર રહેલી કલાની અભિવ્યક્તિ કરવાનું સ્થળ પણ મેળો જ.મેળાઓ તેમના પ્રાણ છે.ઢોલના તાલ સાથે અને શરણાઈઓ ના સુર સાથે આ પ્રજા નાચવા લાગે છે.જ્યાં જીવન નો શ્રમ અને દુઃખ ભૂલીને નૃત્ય દ્વારા ધ્યાનમગ્ન થઈ જાય છે. નવા વસ્ત્રો ધારણ કરીને મેળે મહાલવા આવતા માનવ મહેરામણ મન મુકીને નાચે છે.જેમાં તેમના નૃત્યનો અમૂલ્ય વારસો જળવાઈ રહે છે.

### ૩. આદિજાતિના ઉત્સવો-પર્વો

મોટાભાગના આદિજાતિના ખેડૂત હોવાથી તહેવારો ખેતીને લગતા જ હોય છે તે સ્વાભાવિક છે.લોકોની સામાજિક,સાંસ્કૃતિક તથા ધાર્મિક માન્યતાઓ પર ઉત્સવો (તહેવારો) સારો એવો પ્રકાશ પડે છે. ઋતુચક્રનું મહત્વ દર્શાવતા આ તહેવારોને આચરણમાં લાવીને મનુષ્ય પોતાનું દુઃખ ભૂલી જીવનમાં આનંદ નું નિર્માણ કરે છે .માટે જ તહેવારો એક મહાપર્વ રૂપ છે.

### ૪. કંઠ પરંપરા

આદિજાતિ માં પર્વ,તહેવાર,પ્રસંગો કે સંસ્કાર વિધિ પ્રસંગે ગીતો ગવાતા હોય છે.અહીના લોકો ખેત મજુરો છે. તેઓ પ્રણાલીના ગીતો ગાય છે ને આનંદ મેળવે છે. અખાત્રીજના ગૌરાઈ પૂજન વખતે સ્ત્રીઓ સાંજે વાળું પતાવીને એક જગ્યા એ ચોરા પર કે કોઈ ઘરના ઓટલે કે આંગણામાં ટોળે મળી બેઠક લે છે અને ગૌરાઈ ના ગીતો ગાય છે.

“ ચલા વનેત જાઉં રી (૨)
ચલા ટોકરા તોન્ડુંરી (૨)
ચલા ટોકરા આતરુરી (૨)
ચલા ટોકરા ફોન્ડુંરી (૨)
ચલા કાદકે કાડુંરી (૨)
ચલા ડાલખા ઈનુરી (૨)
ધાતલી ગૌરાઈ બાઈ (૨)
સીપલી ગૌરાઈ બાઈ (૨)” [૩]

આ ગીતમાં ગૌરી કરવા માટે ટોપલું,માટી,ધાન્ય અને પાણીની જરૂર છે.તે ક્યાંથી ને કેવી રીતે લાવવું તે બતાવવામાં આવ્યું છે. ગૌરાઈના કારણે ખેડૂતો ધન-ધાન્ય થી સભર બને છે. તેવું એક ગીત આ પણ ગવાય છે.

“ ગઉર બાબાતીન મંદિરેત (૨)
પાત કાસાયેચી ? મક્યેચી (૨) ગઉર
પાત કાસાયેચી ? નાગલીચી (૨) ગઉર
પાત કાસાયેચી ? વરીચી (૨) ગઉર
પાત કાસાયેચી ? ભાતાચી (૨) ગઉર
પાત કાસાયેચી ? જવારીચી (૨) ગઉર” [૪]

ગામની બધી ગૌરાઈ ભેગી થયા પછી તેના ફરતે પંચ ફેર ફરવામાં આવે છે તે વખતે આવા ગીત ગાવામાં આવે છે.

“ કાળા વાંગ કરીલે વ સેબ તુપી ભરી લે ,
ગાંવ દેવી વર દીપિકા જબ,
કીતી દેવા ખેબસિલ ઘોડા ઝાલા નીળ.
હનુમાન દેવ વાર દીપિકા જબ,
કીતી દેવા ખેબસીલા ઘોડા ઝાલા નીળ.”[૫]

ગૌરાઈ ને વિદાઈ કરતી વખતે સ્ત્રીઓ ગામના દેવ દેવીઓ પાસે રજા લેવા જાય છે ને ત્યાં આ ગીત ગાય છે.

“ આમચી ગવરાઈ તાનેલી સેબ પાની ધાનેલી,
પાનેદુન પાતાળ દૂદાદૂન શીતળ,
ઈ ગવરાઈ કોનાચી ? ગાવિત કુટુંબચી .
અવદ આનીસ વ વરસી ઈજોરા
આમચી ગવરાઈ કોનાચી ? ભયે કુટુંબચી. [૬]

આદિજાતિમાં હોળી પણ એક મહત્વ નો મીખ્યા તહેવાર છે. આ તહેવાર ની તૈયારીઓ તેના અઠવાડિયા પંદર દિવસ પહેલા થી કરવા માંડે છે.હોળીના આગળના દિવસ ની રાતે છોકરાઓ નાની હોળી બનાવે છે. એ દિવસે દસ બાર છોકરાઓ હાથ માં વાંસ લઈને ગામ માં ઘેર ઘેર જઈ ઉભા રહે છે. વાંસ ને જમીન પર એક જગ્યા એ અફાળતા જઈ ગોળ ગોળ ફરે છે ,ને ગીત ગાઈ પૈસા કે ચોખા કે લોટ માંગે છે. આ પ્રવુત્તિ ને તેઓ ' ભોકલા' કહે છે.

" ભો ભોકલા ,
ભાલે ભોકલ્યા .
અટાટી ટો ,
પીઠ માંત્રી ટો .
ભો ભોકલા ,
ભાલે ભોકલ્યા .
અટાટી ટો ,
નાગલી માંત્રી ટો .
ભો ભોકલા ,
ભાલે ભોકલ્યા ."૭

આ પ્રકારનું ગઈ તેઓ ભોકલા માંગે છે. સાંજે બાળકો,સ્ત્રી-પુરુષો સૌ નવા કપડા પહેરીને ,શણગાર સજીને હોળી પર આવવા તૈયાર થાય છે.તે વખતે સ્ત્રીઓ હોળીનાં ગીતો ગાય છે.

" ડોંગરાચી માવલી કલ ,
દેવદારી ઉતરીલ વ.
હોળી બાઈચે લગનાચા વ,
કાય આલે ઉચિત વ.
હોળી બાઈચે લગનાચા વ,
ફાપર આલે ઉચિત વ.
હોળી બાઈચે લગનાચા વ,
કાય આલે ઉચિત વ." ૮

આ ગીત માં હોળી દેવીનું લગ્ન થઇ રહ્યું હોય તેવું દર્શાવવામાં આવે છે.તેમાં સૌ દેવી-દેવતાઓ,આકાશ,પાતાળ,પૃથ્વી,કનસરા દેવી,ડુંગરમાંવલી,વનસાપતદેવી,અંબે માં,કાળી માં – બધાને આમંત્રણ આપે છે.

હોળીના દિવસે જુવાનીયા હોળીની ફરતે ફેરા ફરે છે ને ભજનો ગાય છે,ને હોળીના ગીતો ગાય છે. એ ગીતોમાં આ ગીત મુખ્ય છે.

" હોળી બાઈ બોળી વ સદા સીમગા ખેળે વ ,
હોળી બાઈલા મનાવશું પહેલાં ખાંભ ચઢાવશું .
હોળી બાઈ બોળી વ સદા સીમગા ખેળે વ ,
હોળી બાઈલા મનાવશું પહેલાં ફાપર ચઢાવશું .
હોળી બાઈ બોળી વ સદા સીમગા ખેળે વ ,
હોળી બાઈલા મનાવશું પહેલાં સિતર ચઢાવશું ."૯

આ ગીતમાં એવો ભાવ છે કે જો હોળી રૂઠી જશે ટો હોળીના તહેવારની મઝા નહિ રહે.તેથી હોળી નારાજ ન થાય તેવું કરવું.જો હોળી રૂઠી જાય તો તેને ફાચર ચડાવીશું, સ્તંભ પર સૂપડું બાંધીશું, સ્તંભની ડાળીઓ પર સોપારીઓ, પાપડીઓ, ખોબરાઓ, ધનુષ્ય, ખજુર ચઢાવીશું –તેવો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે.

દિવાળીના પર્વ દરમ્યાન ગાયમાતા (લક્ષ્મી માતા)ના પૂજન માટે ઢીન્ઢવાળી ના ગીતો ગાવામાં આવે છે.'વાટ વાટ રે દીવા લાવ જોત રે, વારા પીલારે વારા પીલારે ,મહાદેવ ચા ઘર સાવ દાર ઉગડા,બારસિંગ થેવાં,બારસિંગ ચોરટા ચોરવ કોનાચા ?લક્ષમણના કોડુંન કેલે પૂજા,ગોપીચે ગળેલા ગળ ગળ ગોંડા,ગપિચા ધની હરકિત ઝાલા ,હસતી હસતી આલા ધની ,ગબનાપેતી રાજ્પની સુનરેગઢના સુન રે ભરવાડ સોળ જ દાંત, હરણાવટી, નવ નવ બાળ,નાવનું મસી,નવીજ ગાય,પેવડ યુક્ત યોર આલા ઘેવુંન,

ડોન્ગોરીચા ,માર ખાવુંન ગેલે માર હોતો તેવર ઝાલા,તેવર હોતો,લીલી હોતી,લાત મારી પડાપડી પૈસાચી ખાડાખડી-આવાં ગીતો ઢીન્ઢવાળી પ્રસંગે ગાવામાં આવે છે. ૧૦

" સન આલે ઢીન્ઢવાળી ચા
સન આલે દીવાળ ચા
ભાવુ ગેલે બહિની મૂળ "

* * *

" ઘેવું પેવું ચા આલારે ગવળન
મન ગોસાળી આલારે ગવળન
ગેલા પીપળચે વાળ ગવળન
પાઈ પીપળચા વાડુન ગવળન
અન્ન પાને ચા કરારે ધરમ
સેળું પેળુંચા કરા રે ધરમ
મોકળે મનાની કરારે ગવળન "

ચારી જાતિના લોકો ખેતરમાં સારો પાક આવે તેમજ ઢોર ઢાંકર,પશુ પક્ષી ,જનાવર કે ચોરથી બચવાના કામ માટે ડુંગર દેવીની પૂજા કરે છે અને ભાયા નૃત્ય ગીતો ગાઈને નૃત્ય કરે છે.

ઉંચી નીચી ખીડકી તીરપી જાય વપોરી તીરપી જાય,
નારેળી બનાલા હોલાવા જાય વ પોરી હીલાવા જાય .
સોપારી બનાલા હિલાવ હિલાવા જાય વ પોરી હિલાવા જાય,
ખારકા બલાના હિલાવા જાય વ પોરી હિલાવા જાય.
ખોબરેચી વાટી હો ,ડોંગર દેવી સાટી હો,
નાળીયેરીચા પોતા હો,ડોંગર દેવી સાટી હો . ૧૧

માદળ નૃત્ય ગીતો એ પણ આદિજાતિના દેવ-દેવીઓના પૂજન વખતે કરવામાં આવે છે. માદળ વાદ્ય એ ભવાની દેવીનું વાદ્ય છે. આદિવાસી સમાજમાં જયારે તેમનાં પર દુઃખ આવી પડે છે ત્યારે માદળની વિધિસરની પૂજા કરવામાં આવતા કે દુઃખી થનાર વ્યક્તિ પરથી માદળ નો ઉતારો કરતાં તે કષ્ટો દુર થઇ જાય છે.એવી દૃઢ માન્યતા આ સમાજ ધરાવે છે.માદળ નૃત્ય ગાનાર પર જ આધારિત હોય છે.

" એક વ નમીન કરું એક વ તળાલા
દાંત વ નમીન કરું એક વ તળાલા
તીન વ નમીન કરું એક વ તળાલા
ચાર વ નમીન કરું એક વ તળાલા "૧૨

આદિજાતિની લોક પરંપરામાં એક નૃત્ય પ્રકાર ઠાકર્યા નૃત્ય પણ છે.આ નૃત્ય સાથે ગીત જરૂરી હોય છે.ગણપતિ ઉત્સવમાં જુદા જુદા ગામોના ઠાકર્યા મંડળીઓ વચ્ચે હરીફાઈ યોજાય છે.આ હરીફાઈમાં જાત જાત ની એક્શનો કે દાવ અજમાવતા નૃત્યકારોને જોવાનો એક અનેરો લાહવો હોય છે.વિરોધી ઠાકર્યા મંડળીને હરાવવા કે પાડવા ઢોલને ફોડી નાખવામાં આવે છે.(મેલી વિદ્યાના મંત્રો થી ) આ નૃત્ય ફક્ત પુરુષો જ કરે છે.ને ગીતો પણ પુરુષો જ ગાય છે.

" માંજા પહેલાં નમીન રે ,ધરતીમાતાલા
માંજા દુસરા નમીન રે ,માતા પિતાલા
માંજા તીસરા નમીન રે ,ગાયત્રીમાતાલા
સરસર પેલીચા કેલા મી ઢોલ રે
તેમાંત બસલે ધરતી માઈ ,
શુક શુક સપના ઘાલ બાઈ હિંડોળે "૧૩

તેમની બીજી એક નૃત્ય પરંપરા તમાસા નૃત્ય પણ છે.જે કેટલાક પ્રદેશોમાં 'લાવણી'તરીક પણ ઓળખાય છે.આ તમાસા નૃત્યના બે પ્રકાર છે.એક પ્રકારનો તમાસો તે સદા તમાસો .તેમાં નૃત્યકાર પુરુષ હોય પણ તેણે સ્ત્રી વેશ લીધો હોય.ને બીજા પ્રકારનો તમાસા નૃત્યમાં સ્ત્રીઓ જ નૃત્ય કરતી હોય .આ તમાસા ને તેઓ લાવણી કહે છે. ગામડાના લોકો તેણે અશિષ્ટ 'ચંદા નો તમાસા' પણ ઓળખે છે.સરકાર શ્રીના સંદેશને ગામડા સુધી પહોચાડવાનું કામ આ તમાસા મંડળી પણ કરે છે. તેમાં કૃષ્ણ ભગવાન અને રાધા – ગોપીનો વેશ ભજવવામાં આવે છે ,તેણે એ લોકો 'ગવળન ' કહે છે. પ્રસંગોની ભજવણીને તેઓ 'રાજપાટ કે રાજવટી પાઠ' કહે છે.

કોઈ સંબાળ આપલે નાથા ,જર મુડે મારો પિતા
તુમી આમચે નજરે નાથા,ન માહા વીર વીર વીર
ન માહા વેર વીર વીર
એક મસાન કાય વરતી, ગુરુ આહે માજે સંગતી
તુમી આમચે નજરે નાથા,ન માહા વીર વીર વીર
ન માહા વેર વીર વીર [૧૪]

**સંદર્ભ સૂચી**

૧. 'આદિવાસી ઉત્કર્ષ યોજનાઓ "માહિતી ખાતું,ગુ.રા.,ગાંધીનગર. નવે. ૨૦૦૦ પા.નં. ૧
૨. ગેઝેટિયર ઓફ ઈન્ડિયા, જી.ડી.પટેલ પા.નં. ૧૯૮
૩. ડાંગ ના લોકગીતો (એક અભ્યાસ) ડૉ.પ્રભુ આર. ચૌધરી પા.નં . ૮૮ રુબરુ મુલાકાત :
૪.૫.૬. યેમનાબેન બુધીયાભાઈ ચૌધરી પાસેથી
૭.૮.૯. સુમનબેન કાશીનાથભાઈ ચૌધરી પાસેથી
૧૦.૧૧. ફૂલુભાઈ રાયાજીભાઈ ચૌધરી પાસેથી
૧૨. રૂપજીભાઇ ગોન્દુભાઈ દળવી પાસેથી
૧૩.૧૪. ગંગજ્યાભાઇ ભોન્ગુભાઈ કુંવર પાસેથી